

મોદી સરકાર બિલ્ડરોની તરફેણ કરે છે : રાહુલ
Page-6

સુવિચાર : વિષના ઘડા પછી અમૃતકુંભ આવશે જ... જો શ્રદ્ધાથી ધીરજપૂર્વક વલોણું કરવાની તૈયારી હશે તો - સમયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૩ | ૩ મે, ૨૦૧૫, રવિવાર ; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં એક જ કલાકમાં બે સ્થળોએ આગ

## ડો. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૧ માં અને સેક્ટર-૧૦ સ્થિત કૃષિ ભવનનાં કોન્ફરન્સ હોલમાં શોર્ટ સર્કીટથી આગ દુર્ઘટના સર્જાઈ : લાખોનું નુકશાન : સદ્ભાગ્યે કોઈ જાનહાની નહી : ફાયરબ્રિગેડે સમયસર બંને સ્થળે આગ કાબુમાં લઈ લીધી






(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે સવારે ૧૧ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીના એક જ કલાકના સમયગાળામાં બે સરકારી ઈમારતના સ્થળોએ મોટી આગ લાગવા પામી હતી. પહેલા સે. ૧૦ સ્થિત કૃષિભવનના પ્રથમ માળે સ્થિત કોન્ફરન્સ હોલમાં અને ત્યારબાદ ડૉ. જીવરાજ મહેતા ભવન (જુના સચિવાલય) બ્લોક નં. ૧ માં બીજા માળે સ્થિત હોમીયોપેથી વિભાગમાં શોર્ટસર્કિટથી આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે સમયસુચકતા દાવીને બન્ને સ્થળોની આગ સમયસર કાબુમાં લઈ લીધી હતી. સદ્ભાગ્યે બંને ઘટનામાં કોઈ દાઝ્યા કે જાનહાની થવા પામી નથી. જો કે લાખોની કિંમતનું સરકારી સામાનનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

સવારે ૧૧ વાગ્યાના અરસામાં કૃષિભવનનાં પ્રથમ માળે સ્થિત કોન્ફરન્સ હોલમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જો કે પ્રાથમિક દષ્ટિએ આગ સામાન્ય હોવાનું અનુમાન લગાવી કર્મચારીઓએ ફાયરબ્રિગેડને જાણ કરવાને બદલે મોબાઈલ પર ફોટોગ્રાફી કરવાનું શરૂ કરી દીધુ હતુ. આખરે આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ફાયરબ્રિગેડને કોલ કરવામાં આવ્યો હતો. ફાયરમેન ચિનુભાઈ તથા તેમની આખી ટીમ ત્રણ વૉટર બ્રાઉઝર અને ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગયા હતા. જો કે ત્યાં સુધીમાં કોલ મોડો મળતા અડધો સામાન તો બળીને ખાખ થઈ ચુક્યો હતો. સતત ૨૬ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. હજુ આ ફાયર કોલ સંપન્ન કરીને વૉટર બ્રાઉઝર અને ફાયરફાયટરમાં ટીમ પાણી ભરે જ છે ત્યાં બીજી આગ દુર્ઘટનાનો કોલ મળ્યો હતો. જુના સચિવાલય બ્લોક નં. ૧ ના બીજા માળે સ્થિત હોમીયોપેથી વિભાગમાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા હતા. ધીરે ધીરે આગ પ્રસરી રહી હતી. તેટલામાં ફાયરબ્રિગેડની ટીમ પહોંચી ગઈ હતી અને પાણીનો

● અનુસંધાન પાન-૭ પર

## ફાયરને કૉલ કરવાને બદલે કર્મચારીઓ ફોટો ખેંચવા મચી પડ્યા..!

સે. ૧૦ સ્થિત કૃષિભવનમાં એક તરફ મોટી આગ દુર્ઘટના સર્જાઈ હતી અને લાખોનો સરકારી મુદ્દામાલ સળગી રહ્યો હતો ત્યારે ફાયરબ્રિગેડને કોલ કરવાને બદલે કર્મચારીઓ આગના ફોટો પાડવામાં

**લાખોનું નુકશાન નજર અંદાજ : આગ દુર્ઘટનાથી વોટ્સએપનો મસાલો મળ્યો હોવાની કર્મચારીઓમાં ચર્ચા**

મસ્ત બની ગયા હતા. એક તરફ લાખોનું નુકશાન થઈ ગયું હતું ત્યારે આ બાબત કર્મચારીઓને ધ્યાને ન હતી પરંતુ તેમના માટે તો મોબાઈલમાં પાડેલા ફોટો આજના દિવસ માટે વોટ્સએપનો મસાલો હતો. આ ચર્ચા આગની ઘટના સમયે કર્મચારીઓમાં ચાલતી હતી કે આજનો વોટ્સએપનો મસાલો મળી ગયો...!



તો બીજી તરફ જીવના જોખમે ફાયરબ્રિગેડના કર્મીઓ લાખોનો માલ બચાવવા આગ કાબુમાં લઈ રહ્યાં હતાં.

## કૃષિભવનની ફાયર સિસ્ટમ જ બંધ હતી

### પાણી ખુટતા મનપા પાસેથી બે ટેન્કરો મંગાવવા પડ્યા

કૃષિભવનના કોન્ફરન્સ હોલમાં લાગેલી ભયાનક આગને કાબુમાં લેતા ફાયરબ્રિગેડના વૉટર બ્રાઉઝર અને ફાયર ફાયટર ખાલી થઈ જતાં કૃષિભવનની ફાયર સિસ્ટમ શરૂ કરી આગ ઓલવવા પ્રયત્ન કર્યો પરંતુ ફાયર સિસ્ટમ જ બંધ હોવાનું બહાર આવ્યું હતું. અંતે પાણી ખુટતા મનપા પાસેથી બે ટેન્કરો પાણી મંગાવીને ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી હતી. અધિકારીઓની બેદરકારીથી આગમાં સરકારી માલ-મત્તાનું ખુબ નુકશાન થવા પામ્યુ હોવાની વાતમાં કોઈ બે મત નથી...!



જશોદાબેન ગાંધીનગરમાં - ગાંધીનગર સ્થિત માહિતી આયોગની કચેરીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ધર્મપત્ની જશોદાબેન મોદીએ મુલાકાત લીધી હતી તે સમયની તસવીર.

# સિવિલમાં વધુ ૧૦૦ પથારીની સુવિધા ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી ત્રણેક માસમાં જ વધુ ૧૦૦ પથારીની સુવિધા ઉભી કરાશે. આ ૧૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ થતાં સિવિલની કુલ પથારી ૫૫૦ થશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા સંકુલમાં જ આ પથારીની સુવિધાઓ વિકસાવવામાં આવશે. તાજેતરમાં રાજ્યના આરોગ્ય કમિશનરશ્રી ગુપ્તાએ આ સંકુલની મુલાકાત વેળાએ કરેલ સમીક્ષા દરમ્યાન આ સુવિધા ત્રણ માસમાં જ ઉભી થાય તે રીતે નિર્દેશો આપી માર્ગદર્શન આપ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ઝડપથી અદ્યતન સુવિધાઓ સાથે વિકસાવવા સરકાર આતુર છે. હાલ ગાયનેક, મેડીસીન, ઓર્થો અને અન્ય વોર્ડોમાં જે પથારી છે તેમાં વધારો તાત્કાલિક અસરથી થાય તે જોવાશે.

જિલ્લામાં સૌથી મોટુ આરોગ્ય સંકુલ હોવાથી અહિ સંસ્થાકીય પ્રસુતિ વધુ થાય તે ધ્યાને રાખી તંત્રને આ માટે સજ્જ થવા આરોગ્ય કમિશનરશ્રીએ વિશેષ તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે. હાલની સેવાઓ માટે તેમણે તંત્રના અધિકારીઓની પીઠ પણ થાબડી હતી પરંતુ હજુ સેવાઓમાં સુધાર આવે અને ખાનગી હોસ્પિટલો કરતાં વધુ સારી સેવાઓ લોકોને પ્રાપ્ત થાય તેના પર તેમણે વિશેષ ભાર મુક્યો હતો.

હોસ્પિટલના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ઓર્થો, મેડીસીન અને ગાયનેકમાં જ હાલ પ્રથમ તબક્કે પથારીની સુવિધાઓ વધારાશે. આ પછી પિડીયાટ્રીક, ઓપ્થલમોલોજી અને સ્કીન તેમજ અન્ય વોર્ડમાં ક્રમશઃ પથારીની સુવિધા વધારવામાં આવશે. આ માટેનું આયોજન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર સિવિલમાં આગામી એક વર્ષમાં ૮૦૦ થી પણ વધુ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવાનું આયોજન છે.

ભાડે આપવાનું છે
ગાંધીનગરમાં હોસ્ટેલ માટે
૧૦૦ રૂમવાળું સંકુલ
સંપર્ક : ૯૮૭૯૫ ૬૬૩૬૬

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

ભાડે આપવાની છે
ઈન્ફોસીટીમાં બીજા માળે, ઓફીસો ભાડે આપવાની છે.
દલાલ આવકાર્ય
મો. : ૯૬૬૨૫૨૬૧૮૫

KIPA
ઉનાળુ વેકેશનની રજાઓનો સદ્ઉપયોગ કરી, નવું કૌશલ્ય પ્રાપ્ત કરો
ફોક, વેસ્ટર્ન અને ભરતનાટ્યમ ડાન્સીંગ
૧૦ મે, ૨૦૧૫ થી બે-મહિના સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ
ફ્લોર એક્સરસાઇઝ અને એરોબિક્સ
(ફક્ત બહેનો માટે)
૧૦ મે, ૨૦૧૫ થી બે મહિના સુધી અઠવાડિયાના પાંચ દિવસ
(શનિ-રવિ સિવાય)
પ્રથમ ૫૦ વિદ્યાર્થીઓને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ
ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બાંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

અભિનંદન



શ્રી કાર્તિક પટેલ
ડેપ્યુટી મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

શ્રી કાર્તિક પટેલને ડેપ્યુટી મેયર બનવા બદલ શુભેચ્છાઓ
: અભિલાષીઓ :
શ્રી નટુભાઈ લાડાણી સર
શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સેક્ટર-૨૩ના ૧૯૮૫ના ધોરણ-૧૦ની બેચના સહાધ્યાયીઓ
રાકેશ જે. દવે | વત્સલ આર. વોરા
દર્પણ આર. બુચ | ડો. નિતેશ શાહ
ડો. અંજના સોની | હિમાંશુ ચાવડા
વિપુલ પટેલ | જિજ્ઞેશ જાની
રાજેશ કોઠારી | કમલેશ શ્રીમાળી
હરેશ પટેલ | રાજેશ દેસાઈ



શ્રી કાર્તિકભાઈ પી. પટેલ
ડેપ્યુટી મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

હાર્દિક અભિનંદન
ગાંધીનગર શહેરના ડેપ્યુટી મેયર પદે થયેલ આપની વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...
આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...
Shubh GROUP Gandhinagar
ઋષિકેશ ભટ્ટ
રાજેશ પટેલ
બંકીમ જોષી
વિકાંત પુરોહિત